# ગુજરાતી ઓન લાઈન ડિક્શનરીમાં હજુ સુધારા-વધારાની પ્રક્રિયા અવિરત ચાલશે

ભાસ્કર ન્યૂઝ

મુંબઈ : મુંબઈ 'મકર સંક્રાતિની પૂર્વ સંધ્યાએ ભાષાકીય કાર્યક્ષેત્રની વિલક્ષણ ઘટનારૂપે ઓનલાઈન ડિકશનરી ગુજરાતી લેક્સિકોન ડોટ કોમનું લોકાર્પણ થયા પછી પણ તેમાં નવી બાબતોના ઉમેરા, સુધારા - વધારાની પ્રક્રિયા ચાલતી જ રહેશે.' એમ આ ઓનલાઈન ડિકશનરીના આયોજનમાં ૮૪ વર્ષીય ઉદ્યોગપતિ રતિલાલ ચંદરીયાના સહયોગી જૂથ ઉત્કર્ષ ઓ.આર.જી- મેગ્નેટ વેબ પબ્લિશિંગના સંચાલકો અશોક કરાણિયાએ જણાવ્યું હતું. ૧૩ જાન્યુઆરી સાંજે ઈન્ડિયન મર્ચન્ટસ ચેમ્બરના સભાગૃહમાં યોજાનાર સમારંભમાં ગુજરાતી સાહિત્ય પરિષદના ભૂતપૂર્વ પ્રમુખ ધીરુબહેન પટેલના હસ્તે આ ઓનલાઈન ડિકશનરીનું લોકાર્પણ કરાશે. તે વેળા મુખ્ય અતિથિ તરીકે હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પોરેશનના અધ્યક્ષ દીપક પારેખ ઉપસ્થિત રહેશે. બ્રિટનની ગુજરાતી સાહિત્ય એકેડેમીના સ્થાપક વિપુલ કલ્યાણી સ્વાગત પ્રવચન કરશે અને ડિકશનરીના ઘડવૈયા, રતિલાલ ચંદરીયા સમગ્ર આયોજન પાછળની ભૂમિકા સ્પષ્ટ કરશે અને મુખ્ય અતિથિ દીપક પારેખ પણ પ્રાસંગિક વક્તવ્ય આપશે, એમ જયેશ પટેલે જણાવ્યું હતું. ચંદરીયાના નેતૃત્વમાં જયેશ પટેલ, અશોક કરાણિયા અને વિરેન શાહ ઓન લાઈન ડિકશનરીમાં ગુજરાતની પ્રાંતીય બોલીઓના શબ્દો, શબ્દોનું વ્યુત્પત્તિશાસ્ત્ર આધારિત પૃથક્કરણ તેમ જ વિભક્તિઓ અને વ્યાકરણ સંબંધી સ્પષ્ટતાઓ અને માર્ગદર્શન પણ નિષ્ણાતોના સહયોગથી ઉમેરવાની તૈયારી કરી રહ્યાં છે. ઉક્ત ઓનલાઈન ડિકશનરી તૈયાર કરવામાં મહત્ત્વનો સહયોગ આપનાર મેગ્નેટ વેબ પબ્લિશિંગની ગુજરાતી ઓપરેટિંગ સિસ્ટમ-પ્રોગ્રામ, ગુજરાતના ગામે ગામ સુધી પહોંચાડવાની અને વિદેશોમાં વસતા વયોવૃદ્ધ ગુજરાતીઓ સુધી પહોંચાડવાની જરૂર છે. મેગ્નેટના સંચાલક અશોક કરાણિયાએ આપેલી માહિતી મુજબ ઉત્કર્ષ પ્રોગ્રામ-ઓપરેટિંગ સિસ્ટમ દ્વારા કોમ્પ્યુટરની સમગ્ર કામગીરી ગુજરાતી ભાષામાં કરી શકાય છે.

**ઓનલાઇન ડિક્શનરીનુ શુક્રવારે ધીરુબેન પટેલના હસ્તે લોકાર્પણ**